COURT OF PRINCIPAL CIVIL JUDGE AND J.M.F.C., VADGAM, DISTRICT: BANASKANTHA.

JUDGMENT **CC /448/2025**

GJBK030005152025

| | | |
|---|---|---|
| કેસ દાખલ તારીખ | : | ૦૩–૦૪–૨૦૨૫ |
| કેસ નોંધણીની તારીખ | : | ૦૩–૦૪–૨૦૨૫ |
| કેસ ફેંસલ તારીખ | : | ૦૬–૦૬–૨૦૨૬ |
| કેસ ફેંસલ તારીખ | : | Years ૦૧ Month ૦૨ Day ૦૩ |

**વડગામના જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ શ્રી ની કોર્ટમાં,**

**મુ. વડગામ**

**ફોજદારી કેસ નં. ૪૪૮/૨૦૨૫**

**શ્રી સરકાર** ***આંક :–*** **૩૨**
**(વડગામ પો.સ્ટે. ગુ. રજી. નં.**
**૧૧૧૯૫૦૫૫૨૪૦૫૯૪/૨૦૨૪)** ***......... ફરીયાદી***

***વિરુધ્ધ***

**(૧) રીતીક ઉર્ફે રુત્વિક ભગવાનભાઈ પુરબીયા,**
ઉ.વ. ૨૧, ધંધો– પ્રા. નોકરી,
**(૨) અજીત ઉર્ફે નિમેષભાઈ ભીખાભાઈ પુરબીયા,**
ઉ.વ. ૨૬, ધંધો– પ્રા. નોકરી,
**(૩) સચીનભાઈ ભગવાનભાઈ પુરબીયા,**
ઉ.વ. ૨૮, ધંધો– પ્રા. નોકરી,
**(૪) અર્જુનભાઈ ભગવાનભાઈ પુરબીયા,**
ઉ.વ. ૨૩, ધંધો– પ્રા. નોકરી,
**(૫) જગદીશભાઈ અમરાભાઈ પુરબીયા,**
ઉ.વ. ૫૫, ધંધો– પ્રા. નોકરી,
બધા રહે. પુરબીયા વાસ, વડગામ,
તા. વડગામ, જી.બનાસકાંઠા. ***.......આરોપીઓ***

***તહોમત :– બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૧૧૮, ૩૫૧(૩), ૨૯૬(બી), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩) અન્વયે***

========================================

**રજુઆત** શ્રી સરકાર તરફે :– વિ.એ.પી.પી.શ્રી એમ.બી. તપોધન,
આરોપી તરફે :– વિ.વ.શ્રી બી. સી. ચૌધરી.

====================================

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ , | ૧૫–૧૨–૨૦૨૪ |
| એફ.આઈ.આર. ની તારીખ, | ૧૬–૧૨–૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ , | ૧૨–૦૨–૨૦૨૫ |
| તહોમતનામું ફરમાવ્યાની તારીખ , | ૨૮–૧૧–૨૦૨૫ |
| પુરાવો શરૂઆતની તારીખ , | ૧૫–૧૨–૨૦૨૫ |
| ચુકાદો બાકી રાખ્યાની તારીખ , | –– |
| ચુકાદો રાખ્યાની તારીખ , | ૦૬–૦૬–૨૦૨૬ |
| સજાની હુકમની તારીખ જો હોય તો , | ––– |

| આરોપી નો દરજજો | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર છુટયાની તારીખ | નોધાયેલ ગુનાની કલમ– | નિર્દોષ કે દોષિત | સજા ફરમાવ વા માં આવી | બી.એન.એસ. એસ.ની ક– ૪૬૮ ના હેતુમાટે ટ્રાયલ દરમિયાન અટકાયતનો સમયગાળો. |
|---|---|---|---|---|---|---|---|
| – | **(૧) રીતીક ઉર્ફે રુત્વિક ભગવાનભાઈ પુરબીયા (૨)અજીત ઉર્ફે નિમેષભાઈ ભીખાભાઈ પુરબીયા (૩) સચીનભાઈ ભગવાનભાઈ પુરબીયા (૪) અર્જુનભાઈ ભગવાનભાઈ પુરબીયા (૫) જગદીશભાઈ અમરાભાઈ પુરબીયા** | (૧) થી (૫) ૨૭/ ૧૨/ ૨૦૨૪ | (૧) થી (૫) ૨૭/ ૧૨/ ૨૦૨૪ | બી.એન.એસ. ક–૧૧૫(૨), ૧૧૮, ૩૫૧(૩), ૨૯૬ (બી), ૧૮૯ (૨), , ૧૯૧(૨) , ૧૯૧(૩) . | નિર્દોષ | – | – |

## – : ઠરાવ : –

**(૧)** આ કામે વર્તમાન આરોપી વિરુધ્ધ બી.એન.એસ.કલમ–૧૧૫(૨), ૧૧૮, ૩૫૧(૩), ૨૯૬(બી), ૧૮૯(૨), ૧૯૧(૨), તથા ૧૯૧(૩) મુજબના શિક્ષાપાત્ર

ગુન્હાનું ચાર્જશીટ આંક –૧ થી ઘડવામાં આવેલ છે.

**હકીકત :–**

**(૨) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,**

આ કામના તહોમતદારો તા.૧૫/૧૨/૨૦૨૪ કલાક.૦૯/૩૦ વાગ્યે મોજે વડગામ વરવાડીયા ત્રણ રસ્તા ઉપર આ કામના આરોપીઓ એક સંપ થઇ પ્રાણઘાતક હથીયારો ધારણ કરી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા ગે.કા.મંડળી બનાવી આ કામના ફરીયાદી સાથે તહો. નં.૧ નાએ સવારે વાસણ આપવા બાબતે ઝઘડો કરેલ હોય જેથી ફરીશ્રી અરજી આપવા સારૂ સાહેદો સાથે પો.સ્ટે.આવતા હોય તે વખતે રસ્તામાં આ કામના આરોપી નં.૧ ૨ ૩ ૪ ૫ નાઓએ ફરીશ્રીને ઉભા રાખી ફરીશ્રીને જેમ તેમ ગાળો બોલી ઝઘડો કરેલ તે વખતે આરોપી નં.૧ રીતીક ઉર્ફે રૂત્વિકકુમાર ભગવાનભાઇ પુરબીયાએ તેના હાથમાંની લોખંડની પાઇપ ફરીશ્રીને મારવા જતા કાનની પાછળ વાગેલ તથા આરોપી નં.૪ અર્જુન ભગવાનભાઇ પુરબીયાઓએ તેના હાથમાંનો પંચ ફરીશ્રીને ડાબા કાનની બુટ ઉપર મારેલ તથા આરોપી નં.૨ અજીત ઉર્ફે નિમેષભાઇ ભીખાભાઇ પુરબીયાએ તેના હાથમાંનો લાકડાનો ધોકો ફરીશ્રીને ખભા તેમજ ડાબા પગ ઉપર મારેલ તથા આરોપી નં.૩ સચીનભાઈ ભગવાનભાઇ પુરબીયા એ ફરીશ્રીને ગડદાપાટુનો માર મારેલ તે વખતે ફરીશ્રીને વધુ મારમાંથી છોડાવવા વચ્ચે પડતાં સાહેદ અશ્વીનભાઇ મુકેશભાઇ પુરબીયાને આરોપી નં.૧ રીતીક ઉર્ફે રૂત્વિકભાઇ પુરબીયાએ ગડદાપાટુનો માર મારેલ તથા સાહેદ અજયભાઇ ડાયાભાઇ પુરબીયાને આરોપી નં.૫ જગદીશભાઇ અમરાભાઇ પુરબીયાએ ગડદાપાટુનો માર મારેલ તથા સાહેદ કમલેશભાઇ બાબુભાઇ પુરબીયાને આરોપી નં.૧ રીતીક ઉર્ફે રૂત્વિકભાઇ પુરબીયા તથા આરોપી નં.૪ અર્જુનભાઇ ભગવાનભાઇ પુરબીયાને ગડદાપાટુનો માર મારેલ તથા આરોપી નં.૩ સચીનભાઇ ભગવાનભાઇ પુરબીયાએ તેના હાથમાંની લોખંડની પાઇપ સાહેદ કમલેશભાઇ બાબુભાઇ પુરબીયાને કપાળની ડાબી બાજુએ મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તેમજ ગડદાપાટુનો માર મારી ગુનો કરવા એક બીજાની મદદગારી કરી ગુનો કરી બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૧૧૮, ૩૫૧(૩), ૨૯૬(બી), ૧૮૯(૨), ૧૯૧(૨), તથા ૧૯૧(૩) મુજબના ગુન્હા સબબ પુરતો પુરાવો જણાઈ આવતા, અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ

કરતાં તેને ફોજદારી રજીસ્ટરે લઈ, ફોજદારી કેસ નં. ૪૪૮/૨૦૨૫ આપવામાં આવેલ.

**કોર્ટ કાર્યવાહી**

(૩) આ કામે આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરતાં, આરોપીને સમન્સની બજવણી થઈ હાજર થતાં, તેમને બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ આ કામના આરોપી વિરુધ્ધ આંક ૪ થી તહોમતનામું ફરમાવી, આંક ૫ થી આંક ૯ પ્લી નોંધતા આરોપીએ પોતાના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.બી.એન.એસ. કલમ –૧૧૫(૨), ૧૧૮, ૩૫૧(૩), ૨૯૬(બી), ૧૮૯(૨), ૧૯૧(૨), તથા ૧૯૧(૩) મુજબના ગુના સબબની ફરીયાદ આ કામના ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશને આપતાં તે ગુનો નોંધવામાં આવેલો. તે ગુનાના આધારે સદર ગુનાની તપાસ આ કામના ત.ક.અ.શ્રી ને સોપતાં ત.ક.અ.શ્રીએ લાગતા– વળગતા સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા આરોપી સામે પોલીસ અહેવાલ(ચાર્જશીટ) અત્રે ની અદાલતમાં દાખલ કરવામાં આવતાં હાલનો કેસ ઉપસ્થિત થયેલ.

**ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–**

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવો રજુ થયેલ છે.

| **ક્રમ** | **–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીચાદી રાજુભાઈ બાબુભાઈ પુરબીચા | ૧૮ |
| ૨ | સાહેદ– અજયભાઈ ડાહ્યાભાઈ પુરબીચા | ૨૦ |
| ૩ | સાહેદ– કમલેશભાઈ બાબુભાઈ પુરબીચા | ૨૧ |
| ૪ | સાહેદ– અશ્વીનભાઈ મુકેશભાઈ પુરબીચા | ૨૨ |
| ૫ | ફરીચાદ. | ૧૯ |
| ૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૨૩ |

| | | |
|---|---|---|
| ૭ | મેડીકલ સર્ટીફીકેટ | ૨૪ થી ૨૯ |
| ૮ | પંચનામું | ૩૦ |

(૪.૧) આ કામે ફરીયાદીપક્ષે વધુ પુરાવો આપવો નથી તેવું જાહેર કરતી કલોઝીગ પુરસીસ આંક –૩૧ થી રજુ છે.

**(૫) આરોપીઓનું વિશેષ નિવેદન :–**

આ કામે ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદ આરોપીઓ સામે રેકર્ડ ઉપર આવેલ પુરાવા અંગે આરોપીઓનું બી.એન.એસ.એસ. કલમ– ૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો પડતો ના હોઈ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) આ કામે ફરીયાદપક્ષ તરફે મૌખિક દલીલો તથા આરોપીપક્ષ મૌખિક દલીલો સાંભાળી.

(૭) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓ તેમજ વિ.વ.શ્રીની રજુઆતોને ધ્યાને લેતાં, કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

**– : મુદૃાઓ :–**

(૧) શું ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારો તા.૧૫/૧૨/૨૦૨૪ કલાક.૦૯/૩૦ વાગ્યે મોજે વડગામ વરવાડીયા ત્રણ રસ્તા ઉપર આ કામના આરોપીઓ એક સંપ થઇ પ્રાણઘાતક હથીયારો ધારણ કરી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા ગે.કા.મંડળી બનાવી આ કામના ફરીયાદી સાથે તહો. નં.૧ નાએ સવારે વાસણ આપવા બાબતે ઝઘડો કરેલ હોય જેથી ફરીશ્રી અરજી આપવા સારૂ સાહેદો સાથે પો.સ્ટે.આવતા હોય તે વખતે રસ્તામાં આ કામના આરોપી નં.૧ ૨ ૩ ૪ ૫ નાઓએ ફરીશ્રીને ઉભા રાખી ફરીશ્રીને જેમ તેમ ગાળો બોલી

ઝઘડો કરેલ તે વખતે આરોપી નં.૧ રીતીક ઉર્ફે રૂત્વિકકુમાર ભગવાનભાઇ પુરબીયાએ તેના હાથમાંની લોખંડની પાઇપ ફરીશ્રીને મારવા જતા કાનની પાછળ વાગેલ તથા આરોપી નં.૪ અર્જુન ભગવાનભાઇ પુરબીયાઓએ તેના હાથમાંનો પંચ ફરીશ્રીને ડાબા કાનની બુટ ઉપર મારેલ તથા આરોપી નં.૨ અજીત ઉર્ફે નિમેષભાઇ ભીખાભાઇ પુરબીયાએ તેના હાથમાંનો લાકડાનો ધોકો ફરીશ્રીને ખભા તેમજ ડાબા પગ ઉપર મારેલ તથા આરોપી નં.૩ સચીનભાઈ ભગવાનભાઇ પુરબીયા એ ફરીશ્રીને ગડદાપાટુનો માર મારેલ તે વખતે ફરીશ્રીને વધુ મારમાંથી છોડાવવા વચ્ચે પડતાં સાહેદ અશ્વીનભાઇ મુકેશભાઇ પુરબીયાને આરોપી નં.૧ રીતીક ઉર્ફે રૂત્વિકભાઇ પુરબીયાએ ગડદાપાટુનો માર મારેલ તથા સાહેદ અજયભાઇ ડાયાભાઇ પુરબીયાને આરોપી નં.૫ જગદીશભાઇ અમરાભાઇ પુરબીયાએ ગડદાપાટુનો માર મારેલ તથા સાહેદ કમલેશભાઇ બાબુભાઇ પુરબીયાને આરોપી નં.૧ રીતીક ઉર્ફે રૂત્વિકભાઇ પુરબીયા તથા આરોપી નં.૪ અર્જુનભાઇ ભગવાનભાઇ પુરબીયાને ગડદાપાટુનો માર મારેલ તથા આરોપી નં.૩ સચીનભાઇ ભગવાનભાઇ પુરબીયાએ તેના હાથમાંની લોખંડની પાઇપ સાહેદ કમલેશભાઇ બાબુભાઇ પુરબીયાને કપાળની ડાબી બાજુએ મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તેમજ ગડદાપાટુનો માર મારી ગુનો કરવા એક બીજાની મદદગારી કરી, બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૧૧૮, ૩૫૧(૩), ૨૯૬(બી), ૧૮૯(૨), ૧૯૧(૨), તથા ૧૯૧(૩) મુજબ શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

**(૮) મુદ્દા નં. ૧ :–**

હાલના કામે આરોપી વિરુધ્ધ ફોજદારી કેસ છે ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે, તે અનુમાન કરવાનું રહે છે. નામદાર કોર્ટ ધ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાની ચુકે તો, સ્થિતિનો લાભ આરોપી પક્ષને મળવાપાત્ર થાય છે. આ સંજોગોમાં, આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર થાય છે. જે સંદર્ભે **<u>૨૦૦૨(૫) એસ.સી.સી. પાના –૨૩૪, દેવેન્દ્રપાલસિંગ વિરુધ્ધ સ્ટેટ ઓફ એન.સી.ટી. દિલ્હી અને બીજાઓ</u>**ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે કે,.....................

**<u>'' કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા, જજે ક્રિમીનલ ટ્રાયલ ચલાવતી વેળા એક નિર્દોષ માણસને સજા ન થાય તે જોવાનું છે, પરંતુ સાથે સાથે જજે એ પણ જોવાનું છે કે, એક દોષિત છુટી ન જાય''</u>**

**<u>ફરીયાદીનો પુરાવો :–</u>**

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી **રાજુભાઈ બાબુભાઈ પુરબીયાને આંક – ૧૮** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૫/૧૨/૨૦૨૪ ના રાત્રીના આશરે સાડા નવેક વાગ્યે હુ તથા ભરતભાઈ બાબુભાઈ પુરબીયા તથા નરેશભાઈ અમૃતભાઈ પુરબીયા અમો ત્રણેય જણા અમારા મહોલ્લામાં રહેતા જગદીશભાઈ પુરબીયા કે જેઓ રમીલાબેન વીજયભાઈ પુરબીયાના ઘરે અમારા સમાજના રીતરીવાજ હોય જેથી લગ્નનો સામાન રમીલાબેનના ઘરે રહેતો હોય તેઓના ઘરે લગ્નનો સામાના માંગવા સારુ સવારે ગયેલા તે વખતે રમીલાબેને અમોને જણાવેલ કે મારા ઘરે હાલમાં કોઈ સરસામાન નથી તેથી બાજુમાં રહેતા

જગદીશભાઇને ત્યાં અમો ગયેલા. તે વખતે જગદીશભાઇએ અમારી સાથે સામાન્ય બોલાચાલી કરી ઝગડો કરેલો. અમારે લગ્ન પ્રસંગ હોય તેથી અમો ત્યાંથી જતા રહેલા અને રાત્રે સાડા નવેક વાગ્યે હુ તથા મારા કૌટુંબીક ભાઈ ભરતભાઈ તથા નરેશભાઈ ત્રણેય જણા અમારા ઘરેથી નીકળી વરવાડીયા ત્રણ રસ્તા નજીક આવેલ તે વખતે રૂત્વીકભાઈ ભગવાનભાઈ પુરબીયા,નીમેશભાઈ ભીખાભાઈ પુરબીયા, સચીનભાઈ ભગવાનભાઈ, અર્જુનભાઈ ભગવાનભાઈ તથા જગદીશભાઈ અમરાભાઈ ઉભેલ હોય તેઓ અમોને જોઈ અમારી પાસે આવેલા અને અમારી સાથે સામાન્ય બોલાચાલી કરવા લાગેલા. તે દરમ્યાન અંધારાનો સમય ઘણાબધા માણસો ત્યાથી પસાર થતા હોય તે લોકો પણ ત્યાં ભેગા થઇ ગયેલા. અંધારુ હોય કોના હાથમાં શુ હતુ તે અમોએ જોયેલ નહી કે કોણ શુ બોલતુ હતુ તે અમોએ સાંભળેલ નહી. ઝપાઝપી થતા હોબાળો થતા તે વખતે અમોને તથા કમલેશભાઈ બાબુભાઈ પુરબીયાને પડી જવાથી કપાળના ભાગે નીચે પડેલ કોઇ ચીજ વાગેલી તથા બીજા બધાને પણ ધક્કા-મુક્કીમાં પડી જવાથી સામાન્ય ઈજા થયેલી. ત્યારબાદ અમારા કૌટુંબીઓએ ૧૦૮ ને જાણ કરતા મને તથા અશ્વિનભાઈને તથા અજયભાઈને તથા કમલેશભાઇને વડગામ સીએચસી ખાતે સારવાર સારુ લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર સારુ પાલનપુર હોસ્પીટલ ખાતે લઇ ગયેલા. ત્યારાબાદ અમોએ સદર બનાવ બાબતેની આરોપીઓ વીરુધ્ધ ફરીયાદ આપેલી. મને ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. આરોપીઓને હુ જોયેથી ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

આ કામે ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ, એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં પુરાવો રજુ કરેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપીઓએ મને કોઈ માર મારેલ નથી કે કોઇ ગાળો બોલેલ નથી કે કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. પોલીસે મારુ માત્ર નામ-સરનામુ પુછેલુ. આ કામના આરોપીઓ સાથે અમારે માત્ર સામાન્ય બોલાચાલી થયેલી. હાલની ફરીયાદ

મે આવેશમાં આવીને આપેલી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ **અજયભાઈ ડાહ્યાભાઈ પુરબીયાને આંક –૨૦** થી તથા અન્ય સાહેદ **કમલેશભાઈ બાબુભાઈ પુરબીયા**ને **આંક– ૨૧** થી તથા અન્ય સાહેદ **અશ્વીનભાઈ મુકેશભાઈ પુરબીયા**ને **આંક– ૨૨** થી તપાસવામાં આવેલ છે. ઉપરોકત બધા સાહેદોના પુરાવામાંથી લગભગ એક જેવી જ જુબાની તથા ઉલટ આવેલ હોવાથી બધાની ચર્ચા એક સાથે કરેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૫/૧૨/૨૦૨૪ ના રાત્રીના આશરે સાડા નવેક વાગ્યે રાજુભાઈ બાબુભાઈ પુરબીયા તથા ભરતભાઈ બાબુભાઈ પુરબીયા તથા નરેશભાઈ અમૃતભાઈ પુરબીયા વીગેરે ત્રણેય જણા અમારા મહોલ્લામાં રહેતા જગદીશભાઈ પુરબીયા કે જેઓ રમીલાબેન વીજયભાઈ પુરબીયાના ઘરે અમારા સમાજના રીતરીવાજ હોય જેથી લગ્નનો સામાન રમીલાબેનના ઘરે રહેતો હોય તેઓના ઘરે લગ્નનો સામાન માંગવા સારુ સવારે ગયેલા તે વખતે રમીલાબેને તેઓને જણાવેલ કે મારા ઘરે હાલમાં કોઈ સરસામાન નથી તેથી બાજુમાં રહેતા જગદીશભાઈને ત્યાં તેઓ ગયેલા. તે વખતે જગદીશભાઈએ તેમની સાથે સામાન્ય બોલાચાલી કરી ઝગડો કરેલો. જગદીશભાઈના ઘરે લગ્ન પ્રસંગ હોય તેથી તેઓ ત્યાંથી જતા રહેલા અને રાત્રે સાડા નવેક વાગ્યે રાજુભાઈ બાબુભાઈ તથા મારા કૌટુંબીક ભાઈ ભરતભાઈ તથા નરેશભાઈ ત્રણેય જણા તેમના ઘરેથી નીકળી વરવાડીયા ત્રણ રસ્તા નજીક આવેલ તે વખતે રૂત્વીકભાઈ ભગવાનભાઈ પુરબીયા, નીમેશભાઈ ભીખાભાઈ પુરબીયા, સચીનભાઈ ભગવાનભાઈ, અર્જુનભાઈ ભગવાનભાઈ તથા જગદીશભાઈ અમરાભાઈ ઉભેલ હોય તેઓ તેમને જોઈ તેમની પાસે આવેલા અને તેમની સાથે સામાન્ય બોલાચાલી કરવા લાગેલા. તે દરમ્યાન અંધારાનો સમય ઘણાબધા માણસો ત્યાથી પસાર થતા હોય તે લોકો પણ ત્યાં ભેગા થઈ ગયેલા તે વખતે હોબાળો સાંભળી હુ તથા અશ્વિનભાઈ મુકેશભાઈ તથા કમલેશભાઈ બાબુભાઈ વીગેરે અમો ત્રણેય જણા ત્યાં ગયેલા. અંધારુ હોય કોના હાથમાં શુ હતુ તે અમોએ જોયેલ નહી કે કોણ શુ બોલતુ હતુ તે અમોએ સાંભળેલ નહી. ઝપાઝપી થતા હોબાળો થતા તે વખતે રાજુભાઈને તથા મને તથા કમલેશભાઈ બાબુભાઈ પુરબીયાને પડી જવાથી કપાળના

ભાગે નીચે પડેલ કોઇ ચીજ વાગેલી તથા બીજા બધાને પણ ધક્કા–મુક્કીમાં પડી જવાથી સામાન્ય ઈજા થયેલી. ત્યારબાદ અમારા કૌટુંબીઓએ ૧૦૮ ને જાણ કરતા રાજુભાઈને તથા અશ્વિનભાઈને તથા મને તથા કમલેશભાઇને વડગામ સીએચસી ખાતે સારવાર સારુ લઇ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર સારુ પાલનપુર હોસ્પીટલ ખાતે લઈ ગયેલા. ત્યારાબાદ રાજુભાઇએ સદર બનાવ બાબતેની આરોપીઓ વીરુધ્ધ ફરીયાદ આપેલી. બનાવ બાબતે ફરીયાદ દાખલ થતા પોલીસે મારી પુછપરછ કરી જવાબ લીધેલો. આરોપીઓને હુ જોયેથી ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

આ કામે સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ, એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં પુરાવો રજુ કરેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી કે કોઇ ગાળો બોલેલ નથી કે કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. પોલીસે તેઓનું માત્ર નામ–સરનામુ પુછેલુ. આ કામના આરોપીઓ સાથે અમારે માત્ર સામાન્ય બોલાચાલી થયેલી.

<u>**પુરાવાનું મુલ્યાંકન :–**</u>

**(૧૧)** **આ કામના આરોપીઓ** વિરુધ્ધ બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૧૧૮, ૩૫૧(૩), ૨૯૬(બી), ૧૮૯(૨), ૧૯૧(૨), તથા ૧૯૧(૩) મુજબના ગુનાનું તહોમત છે. આ કામના ફરીયાદી રાજુભાઈ બાબુભાઈ પુરબીયાને આંક –૧૮થી તપાસવામાં આવેલ છે. ફરીયાદી એ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. જેઓ ફરી ગયેલા જાહેર થયેલ છે. તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદીની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, <u>આ કામના આરોપીઓએ મને કોઈ માર મારેલ નથી કે કોઇ ગાળો બોલેલ નથી કે કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.</u>

પોલીસે મારુ માત્ર નામ–સરનામુ પુછેલુ. આ કામના આરોપીઓ સાથે અમારે માત્ર સામાન્ય બોલાચાલી થયેલી. હાલની ફરીયાદ મે આવેશમાં આવીને આપેલી.

આ કામે ફરીયાદપક્ષના સાહેદ અજયભાઈ ડાહયાભાઈ પુરબીયાને આંક –૨૦ થી તથા અન્ય સાહેદ કમલેશભાઈ બાબુભાઈ પુરબીયાને આંક– ૨૧ થી તથા અન્ય સાહેદ અશ્વીનભાઈ મુકેશભાઈ પુરબીયાને આંક– ૨૨ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓની ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી કે કોઇ ગાળો બોલેલ નથી કે કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. પોલીસે તેઓનું માત્ર નામ–સરનામુ પુછેલુ. આ કામના આરોપીઓ સાથે અમારે માત્ર સામાન્ય બોલાચાલી થયેલી.

આ કામે આંક–૨૩ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ છે. આ પંચનામું કબુલ કરતાં તેને આંક આપી પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે, તથા આ કામે આંક–૨૪ થી આંક–૨૯ સુધી ઈજા અંગેના સર્ટીફીકેટ રજુ છે. આ પંચનામું કબુલ કરતાં તેને તથા ઈજા અંગેના સર્ટીફીકેટને આંક આપી પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે, પરંતુ આ કામે ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં, જે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. જેથી આ પંચનામાની તથા ઈજા અંગેના સર્ટીફીકેટની હકીકતને મૌખિક પુરાવાથી સમર્થન મળતું ના હોઈ જેથી આ દસ્તાવેજો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતાં નથી.

**(૧૨)** સદર કામે આરોપી સામે મુખ્ય આક્ષેપિત ભારતીય દંડ સહિતાની કલમ– ૧૧૫(૨), ૧૧૮, ૩૫૧(૩), ૨૯૬(બી), ૧૮૯(૨), ૧૯૧(૨), તથા ૧૯૧(૩) મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

Section 118(1), 115(3) of BNS-2023 :- Punishment for voluntarily

causing hurt.

"Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may be extend to one thousand rupees, or with both.

Section 296 of BNS-2023 -Intentional insult with intent to provoke breach of the peace :-

Obscene acts and songs. Whoever, to the annoyance of others

(a) does any obscene act in any public place; or

(b) sings, recites or utters any obscene song, ballad or words, in or near any public place,

shall be punished with imprisonment of either description for a term which may extend to three months, or with fine which may extend to one thousand rupees, or with both.

Section 351 (2) of BNS-2023 :-Punishment for criminal intimidation :-

Whoever commits, the offence of criminal intimidation shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both. If threat be to cuase death or grievous hurt, etc.- And if the threat be to cause death or grievous hrt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or [ imprisonment for life], or with imprisonment for a term whcih may extend to seven years, or to impute, unchasity to a woman, shall be punished with imprisonment of either descriiption for a term whcih may extend to seven years, or with fine, or with both.

ઉપરોકત કલમોના આવશ્યક તત્વોને હાલના કેસની હકીકતો તથા રેકર્ડ પર આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ સાથે ધ્યાનપુર્વક સરખાવવામાં આવે તો, તે મુજબના કોઈપણ આવશ્યક તત્વો હાલના કામે આચરવામાં આવેલ ગુનાની હકીકતો સાથે જરાપણ બંધબેસતા હોય તેમ જણાતું નથી કે, ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તેમના સગા થતા હોઈ અને તમામા સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો કરેલ નથી.

**(૧૩) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૭(૧) જી.એલ. એચ. પાના નં. ૩૩૭ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,**

> In order to convict an accused under section 504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by section 504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence in order to convict an accused under section 506(2) of Indian Penal Code, the threat as contemplated in section 506 must cause alarm in the mind of person so threatened.

**(૧૪)** આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા ઉપરથી ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આ કામના આરોપીઓએ ભેગા મળી ફરીયાદી તથા સાહેદોને મા–બેન સામે ભુંડી ગાળો બોલી, જપા જપી કરી, ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોય તેવું

આરોપી વિરુધ્ધ બી.એન.એસ.એસ.ની કલમ– ૧૧૫(૨), ૧૧૮, ૩૫૧ (૩), ૨૯૬(બી), ૧૮૯(૨), ૧૯૧(૨), તથા ૧૯૧(૩) મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ નકારાત્મક ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં. ૨ પરત્વે, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–૦ હુ ક મ ૦–**

**૧.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ– ૨૭૧(૧) અન્વયે **(૧) રીતીક ઉર્ફે રુત્વિક ભગવાનભાઈ પુરબીયા, (૨) અજીત ઉર્ફે નિમેષભાઈ ભીખાભાઈ પુરબીયા, (૩)સચીનભાઈ ભગવાનભાઈ પુરબીયા, (૪) અર્જુનભાઈ ભગવાનભાઈ પુરબીયા, (૫) જગદીશભાઈ અમરાભાઈ પુરબીયા,** બધા રહે. પુરબીયા વાસ, વડગામ, જી.બનાસકાંઠા. વાળાઓને બી.એન.એસ. કલમ– ૧૧૫(૨), ૧૧૮, ૩૫૧(૩), ૨૯૬(બી), ૧૮૯(૨) , ૧૯૧(૨) તથા ૧૯૧(૩) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૨.** બી.એન.એસ.એસ. કલમ– ૪૮૦ અન્વયે અપીલ હાજરીના બાંહેધરીના દરેક આરોપીએ રૂ.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

મુ. વડગામ
તા. ૦૬/૦૬/૨૦૨૬

**( ચંદ્ર શેખર શર્મા)**
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
વડગામ
જજ કોડ નં.જીજે. ૦૧૫૬૨